અદાલતી /કાનૂની કાર્યવાહી બાબતમાં
અનુસરવાની કાર્યરીતિ અંગે..

ગુજરાત સરકાર,
નર્મદા અને જળસંપત્તિ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: સીએમટી-૨૩૯૫/૩૨/ઝ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૯/૯/૧૯૯૫..

પરિપત્ર:-

આ વિભાગ હસ્તકના સર્વે ક્ષેત્રિય અધિકારીઓને પાસે અવારનવાર અદાલતી/કાનૂની કાર્યવાહી કરવી પડે તેવી અનેક બાબતો ઉપસ્થિત થાય છે. અનુભવે એવું માલુમ પડેલ છે કે, કેટલાક ક્ષેત્રિય-અધિકારીઓ આ બાબતે નિયમોનુસાર ની કાર્યવાહી તાત્કાલિક કરે છે. જ્યારે કેટલાક ક્ષેત્રિય અધિકારીઓ આવી બાબતો ગંભીરતાથી લેતા નથી. તથા તે અંગે કરવાની આનુષંગિક કાર્યવાહી સમયસર કરતા નથી તેથી કેટલીક વાર સરકારને નાહકનું મુશ્કેલીમાં મુકાવું પડે છે. તેથી હાલપ્રવર્તમાન સ્થાયી સૂચનાઓના ચુસ્તપણે અમલ કરવા સાથે અદાલતી/કાનૂની કાર્યવાહી સમયે અપનાવવાની થતી માર્ગદર્શક બાબતો ફરી એકવાર જરૂરી કાર્યવાહી માટે આ સાથે રજૂ કરેલ છે.

(૧) જ્યારે પ્રથમવાર અદાલત તરફથી નોટીસ આવે ત્યારે અદાલતની નોટીસ તેમજ દિવાની અરજીની નકલ તે પરત્વેની કાયદા અધિકારીના નિયમ-૧૧૮ અન્વયે પેરાવાઈઝ રીમાર્કસ સાથે સરકારી વકીલની નિમણુંક માટે સરકારશ્રીને તાત્કાલિક દરખાસ્ત કરવી કે જેથી કાયદા વિભાગને સરકારી વકીલની નિમણુંક માટે દરખાસ્ત વિભાગ દ્વારા કરી શકાય..

(૨) જ્યારે કોઈ અદાલતી પ્રકરણમાં અદાલતનો ચુકાદો આવે ત્યારે કાયદા અધિકારીના નિયમ-૧૩૧ અને ૧૩૨ અન્વયેનો અહેવાલ ચુકાદાની નકલ તથા સરકારી વકીલના અભિપ્રાયની નકલ સાથે સરકારશ્રીને તાત્કાલિક મોકલવો કે જેથી તે પરત્વેનો કાયદા વિભાગનો અભિપ્રાય મેળવી આગળની કાર્યવાહી કરી શકાય.

(૩) સરકારી વકીલની નિમણુંક થયા બાદ જો સરકારી વકીલ-અદાલતી કાર્યવાહી સમયે હાજર ન રહે, સહકાર ન આપે, ક્ષેત્રિય-અધિકારીને કોર્ટે નિયત કરેલી સુનાવણીની તારીખ કે કેસની પ્રગતિથી વાકેફ ન રાખે, સમયસર એફીડેવીટ કરવામાં મદદ ન કરે કે કોર્ટમાં સમયસર જવાબ ન કરે તેવા કિસ્સાઓમાં જે તે ક્ષેત્રિય અધિકારીએ આવી બાબત અંગેની વિગતે જાણ આ વિભાગને તાત્કાલિક કરવી કે જેથી કાયદા વિભાગને તે બાબતે જાણ કરી શકાય..

(૪) સરકારી વકીલ તરફથી સૂચનો મુજબ જરૂરી કાગળો તથા આનુષંગિક પુરાવાઓ સાથે વખતોવખત અદાલતી કાર્યવાહીમાં સરકારી વકીલના પરામર્શમાં હાજર રહેવું.

(ખ) સરકારશ્રીને બાબતવિષયક અદાલતમાં થયેલ કાર્યવાહીઓથી વાકેફ રાખવા તથા ઉદ્ભવતા મુદ્દાઓ બાબતે તાત્કાલિક પરામર્શ કરવો.

(ગ) કામદાર વળતર અધિનિયમ હેઠળ વળતરની ચુકવણી માટે ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ (પુસ્તક-૧)ના ફકરા ૨૮૨(ગ) (3.2(5) 201) અન્વયે કરવાની થતી કાર્યવાહી તાત્કાલિક કરી તેની સરકારશ્રીને જાણ કરવી.

(ઘ) અધિકારીઓના અકસ્માત થયેના કેસમાં ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ (પુસ્તક-૧)ના ફકરા ક્રમાંક ૪૫૪/(ક) ૪૫૪(ક)(૧) અને ૪૫૪(ક)(૨) અન્વયે કરવાની થતી કાર્યવાહી તાત્કાલિક કરી તેની સરકારશ્રીને જાણ કરવી..

'' આ પરિપત્ર મળ્યાની જાણ આ વિભાગને તરત કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
સેક્શન અધિકારી,
નર્મદા અને જળસંપત્તિ વિભાગ.

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રી,(જળસંપત્તિ વિભાગ હેઠળના.)